# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વક્ફ સુધારા બિલ, 2025 ને પોતાની મંજૂરી આપી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અનુરાધાપુરામાં, શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ સાથે ભારત સમર્થિત રેલ્વે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રામ નવમીના અવસરે તમિલનાડુમાં પંબન રેલ્વે પુલનું ઉદ્ઘાટન કરશે.

4) નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પ્રણાલીના અમલીકરણથી ભારતનો વિકાસ દર દોઢ ટકા વધશે.

5) આજે દેશભરમાં રામ નવમીની પરંપરાગત ધાર્મિક ઉત્સાહ અને આસ્થા પૂર્વક ઉજવણી.

6) IPL ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને હાર આપી.

........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN-PREZ-WAQF-BILL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વક્ફ (સુધારા) બિલ, 2025 ને પોતાની મંજૂરી આપી છે, જે આ સપ્તાહે સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિની સંમતિ પછી, તે કાયદો બની ગયો છે.

ગુરુવારે લોકસભામાં આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો, જેમાં 288 સભ્યોએ તેનું સમર્થન કર્યું હતું, અને 232 સભ્યોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું. જ્યારે રાજ્યસભાએ શુક્રવારે બિલ પસાર કર્યું હતું, જેમાં 128 સભ્યોએ તેના પક્ષમાં મતદાન કર્યું હતું અને 95 સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો. રાષ્ટ્રપતિએ મુસ્લિમ વક્ફ (રદ) બિલ, 2025 ને પણ મંજૂરી આપી હતી.

# PM-ANURADHAPURA-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અનુરાધાપુરા જશે, જ્યાં તેઓ અને શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે ભારત સમર્થિત રેલ્વે પ્રોજેક્ટ્સનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ શ્રીલંકામાં સંપર્ક માટે મહત્વપૂર્ણ છે, જે ટાપુના ઉત્તર ભાગથી રાજધાની કોલંબો સુધી સલામત, ઝડપી અને આરામદાયક મુસાફરી પૂરી પાડે છે. તેઓ જય શ્રી મહા બોધી મંદિરમાં પણ આશીર્વાદ લેશે, જેના પરિસરમાં એક વૃક્ષ છે જેને સંઘમિત્તા થેરી દ્વારા રોપા તરીકે શ્રીલંકા લાવવામાં આવ્યું હતું.

ગઈકાલે, પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપ્રમુખ દિસાનાયકે બંને દેશો વચ્ચે મજબૂત દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે વ્યાપક વાટાઘાટો કરી હતી. પ્રધાનમંત્રી મોદીને શ્રીલંકાના સર્વોચ્ચ નાગરિક સન્માનમાંનો એક મિત્ર વિભૂષણ

એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, જે બંને દેશો વચ્ચેની સ્થાયી મિત્રતાનું પ્રતીક છે. ગઈકાલના કાર્યક્રમમાં અનેક ક્ષેત્રોમાં એમઓયુ પર હસ્તાક્ષર અને વિનિમયનો સમાવેશ થતો હતો, ત્યારબાદ બંને નેતાઓએ સંયુક્ત રીતે મહત્વપૂર્ણ ભારત સમર્થિત પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું. પ્રધાનમંત્રી આજે મંડપમ જતા શ્રીલંકાની ત્રણ દિવસની મુલાકાત પૂર્ણ કરશે.

# PM-PAMBAN-INAUGURATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રામ નવમીના અવસરે તમિલનાડુમાં પંબન રેલ્વે પુલનું ઉદ્ઘાટન કરશે. આ પુલ રામેશ્વરમને મુખ્ય ભૂમિ સાથે જોડશે. આ બે કિલોમીટર લાંબો પુલ ભારતીય ઈજનેરોના કૌશલ્યનો પરિચય આપતા સ્થાપત્યની અજાયબી છે અને દેશનો પહેલો દરિયામાં બંધાયેલો વર્ટિકલ લિફ્ટ બ્રિજ છે. આજે બપોરે શ્રીલંકાથી પાછા ફર્યા બાદ પ્રધાનમંત્રી આ પુલનું ઉદ્ઘાટન કરશે.

# IMP. ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તમિલનાડુનાં રામેશ્વરમ ખાતેથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીનાં સંબોધનનું સીધું પ્રસારણ આકાશવાણી પરથી બપોરનાં એક વાગીને 25 મિનિટે પ્રસારીત થશે. આનાં કારણે બપોરનાં 1.20 થી ગુજરાતીમાં પ્રસારીત થતાં રાષ્ટ્રીય સમાચાર 1.20 થી 1.25 એમ પાંચ મિનિટનાં રહેશે.

અને બપોરનાં પ્રાદેશિક સમાચાર 2.30 ના બદલે 2.35 થી 2.40 દરમિયાન પ્રસારીત થશે. જ્યારે સમાચાર સમીક્ષા રદ રહેશે.

અગત્યની જાહેરાત પૂરી થઈ.

# SITHARAMAN-CHENNAI

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પ્રણાલીના અમલીકરણથી ભારતનો વિકાસ દર દોઢ ટકા વધશે. ગઈકાલે ચેન્નાઈમાં એક સેમિનારને સંબોધતા તેમણે કહ્યું કે, આનાથી દેશના કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)માં પણ 4.5 લાખ કરોડ રૂપિયાનો વધારો થશે. શ્રીમતી સીતારમણે કહ્યું કે, એકસાથે ચૂંટણી કરાવવાથી 12 હજાર કરોડ રૂપિયાની બચત થશે અને મતદાનની ટકાવારી પણ વધશે.

નાણામંત્રીએ સ્પષ્ટતા કરી કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 2029 પછી જ એકસાથે ચૂંટણી યોજવાની પ્રક્રિયા શરૂ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# RAM-NAVAMI

આજે દેશભરમાં રામ નવમીની પરંપરાગત ધાર્મિક ઉત્સાહ અને આસ્થા પૂર્વક ઉજવણી થઈ રહી છે. આ તહેવાર ભગવાન વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના આગમનનું પ્રતિક કરે છે. ચૈત્ર મહિનાની સુદ નવમી તિથિએ રામનવમી ઉજવવામાં આવે છે. રામ નવમી પહેલા નવ દિવસનો ઉપવાસ રાખવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને રામ નવમીની શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે, ભગવાન રામનું જીવન આપણને સત્ય, ધર્મ અને નૈતિકતાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું ,આ તહેવાર સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે માનવતાની સેવા કરવાનો સંદેશ આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ પ્રસંગ લોકોને બલિદાન અને નિઃસ્વાર્થ પ્રેમના મૂલ્યોને સ્વીકારવા માટે પ્રેરણા આપે છે

આજે ભગવાન શ્રી રામના જન્મોત્સવ પર વિશ્વભરના ભક્તો અયોધ્યા પહોંચી રહ્યા છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ બોર્ડે રામ નવમીને ધ્યાનમાં રાખીને સુચારુ કામગીરી જાળવવા માટે પૂરતી વ્યવસ્થા કરી છે.

# BJP-FOUNDATION-DAY

ભારતીય જનતા પાર્ટી આજે તેનો સ્થાપના દિવસ ઉજવશે. આ પ્રસંગે, ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડા નવી દિલ્હીમાં ભાજપ મુખ્ય મથક ખાતે પાર્ટીનો ધ્વજ ફરકાવશે. શ્રી નડ્ડા આ પ્રસંગે પાર્ટીના બૂથ કાર્યકરો સાથે પણ વાતચીત કરશે. ભાજપ પ્રમુખ રાષ્ટ્રીય રાજધાનીમાં પાર્ટીના એક વરિષ્ઠ કાર્યકરના ઘરે પણ જશે.

# AMIT-SHAH-J-K-VISIT

ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે અને સુરક્ષા કર્મચારીઓ સાથે વાતચીત કરશે. તેઓ જમ્મુમાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોને મળશે અને ઇન્ટિગ્રેટેડ હેડક્વાર્ટર અને શ્રી અમરનાથજી યાત્રા સંબંધિત બે સુરક્ષા સમીક્ષા બેઠકોની અધ્યક્ષતા કરશે.

# AMIT SHAH GUJ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે છે. તેઓ આજે કલોલમાં ઇફકોના સ્વર્ણિમ જયંતી સમારંભમાં ઉપસ્થિત રહેશે. અમિત શાહ કલોલમાં ઇફકોમાં બીજ એકમની સ્થાપન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે..

# DELHI-AYUSHMAN-MoU

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના લાગુ કરવા માટે આરોગ્ય મંત્રાલય અને દિલ્હી સરકારે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આ યોજના હેઠળ લાભાર્થીઓને દેશભરમાં પ્રતિ પરિવાર દર વર્ષે 5 લાખ રૂપિયાના આરોગ્ય ક્ષેત્રે લાભ પૂરા પાડવામાં આવે છે.

**(બાઇટ - જે.પી. નડ્ડા)**

# MADHAVPUR FAIR

ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નોત્સવનો ગુજરાતના પોરબંદરના માધવપુર ખાતે આજે પ્રરાંભ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સાંજે છ વાગે મેળાનું ઉદઘાટન કરશે. પોરબંદરના માધવપુર ગામે ભગવાનશ્રી કૃષ્ણ અને માતા રૂક્ષ્મણીજીના લગ્નની યાદમાં માધવપુરનો લગ્ન મેળો યોજાતો હતો અને તે વખતે ભગવાન જયારે પરણવા નીકળતા ત્યારે પોરબંદર સ્ટેટની પોલીસ દ્વારા ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવતું હતું, તે પરંપરાના ભાગ રૂપે આજે પણ અહી ગુજરાત પોલીસ દ્વારા ભગવાન માધવરાયજીને પરણવા નીકળે ત્યારે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે.

આ મેળાની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરના અમદાવાદ સહિતના શહેરોમાં ઉત્તર પૂર્વના કલાકારો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. પ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે 400 જેટલા કલાકારોએ પરંપરાગત રીતે તેમના નૃત્ય રજૂ કર્યા હતા..

# MORN-IPL-CRICKET

ગઈકાલે IPL ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને હાર આપી. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટે 205 રન બનાવ્યા. જવાબમાં પંજાબ કિંગ્સ નવ વિકેટે માત્ર 155 રન જ બનાવી શક્યું. રાજસ્થાન તરફથી યશસ્વી જયસ્વાલે સૌથી વધુ 67 રન કર્યા. જ્યારે પંજાબ કિંગ્સ તરફથી નેહલ વાઢેરાએ સૌથી વધુ 62 રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી જોફ્રા આર્ચરે ત્રણ વિકેટ લીધી. આર્ચરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

અન્ય એક મેચમાં, દિલ્હી કેપિટલ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 25 રને હરાવ્યું. દિલ્હીના 184 રનના લક્ષ્યાંકના જવાબમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ફક્ત 158 રન જ બનાવી શક્યું.

સનરાઇઝર્સ હૈદરાબાદ આજે સાંજે હૈદરાબાદમાં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થવાની છે. ગુજરાત, ત્રણ મેચમાંથી બે જીત સાથે, પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે, જ્યારે હૈદરાબાદ, ચાર મેચમાંથી ફક્ત એક જીત સાથે, ટેબલમાં સૌથી નીચે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

**આજના અખબારોના મુખ્ય સમાચાર પર નજર કરીએ તો**

- આજના અખબારોમાં આજે ટ્રમ્પના ટેરિફની અસરો, વકફના નવા કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી, પ્રધાનમંત્રીની શ્રીલંકા મુલાકાત દરમિયાન શ્રીલંકાએ સ્પષ્ટ કરી દીધું કે તેમની જમીનનો ઉપયોગ ભારતની વિરૂધ્ધમાં નહી થવા દેવાય તેમજ રામનવમીની ઉજવણીના અહેવાલ તમામ અખબારોના પહેલાં પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચારે ટ્રમ્પની ટ્રેડવોરના હિટવેવમાં પીગળતા બજારોના સમાચારની હેડલાઇન્સ બનાવી છે
- સંદેશે વકફ વિધેયક હવે કાયદો, રાષ્ટ્રપતિની મંજૂરી આ હેડલાઇન સાથે સમાચાર છાપ્યાં છે
- અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ લખ્યું છે કે વોન્ટ લેટ અવર લેન્ડ બી યુઝ્ડ અગેઇન્સ્ટ ઇન્ડિયા: શ્રીલંકા
- જયારે સ્થાનિક સમાચારમાં રાજ્યભરમાં હિટવેવની આગાહી, ટીસીએસના રિક્રુટમેન્ટ મેનેજર માનવ શર્માની આત્મહત્યાના કેસમાં અમદાવાદમાથી તેની પત્નિ નિકિતા અને પિતાની ધરપકડ, માધવપુરમાં આજથી શરૂ થનારા કૃષ્ણ રૂકમણીના લગ્નોત્સવના અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કલોલમાં ઇફકોના સ્વર્ણિમ જયંતી સમારંભની ઉજવણીમાં હાજર રહેવાના સમાચાર પણ પ્રકાશિત થયા છે.
- આ ઉપરાંત સ્પોર્ટસ પેજ ઉપર આઇપીએલ મેચમા સીએસકે અને પંજાબના હારના સમાચાર પણ જોવા મળી રહ્યાં થે..